નોંધણી ફી ભર્યાની પાવતી તથા દસ્તાવેજ ગુમ થવા અંગેની તથા ટાઇટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટનાં તાલુકા ચોર્યાસીના મોજે ગામ ઇચ્છાપોર ના રે.સર્વે નં.૯૪૮ થી વાળી બિનખેતીની જમીનમાં આયોજીત કરેલ ''ક્રિષ્ના નગર સોસાયટી'' માં પાડેલા રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦ (રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ રે.સ.નં. ૯૪૮/૧૦ છે.) ખુલ્લા પ્લોટ વાળી મિલકત જેનું ક્ષેત્રફળ સુમારે ૧૪૪૪ ચો.ફુટ યાને ૫૮.૫૨ ચો.મી થાય છે તથા સદર પ્લોટને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હિત, હિસ્સા સહિતની પ્લોટ વાળી મિલકતનાં અગાઉના માલિક નામે સોમાભાઇ કુરજીભાઇ રાઠોડ નાઓની પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટાની, બોજા-મુક્ત, ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવેલ અને તેઓ પાસેથી સદરહુ મિલકત હમારા અસીલ જશુભેન ધર્મેશભાઇ પટેલ વિગેરેનાઓએ ખરીદ કરેલ છે જે અંગેનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ મે. સુરતના હજીરા(સુરત-૭)ના સબરજીસ્ટ્રર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નં.૩૨૭૧/૨૦૨૫ થી તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ છે, પરંતુ સોમાભાઇ કુરજીભાઇ રાઠોડ નાઓથી સદરહુ મિલકતને લગત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૪૦૬૩/૨૦૧૪ થી તા.૨૦/૦૯/૨૦૧૪ ના રોજની નોંધણી ફી ભર્યાની અસલ પહોંચ(રસીદ) યાને આર.આર.ની નકલ, રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૨૫૬૧/૨૦૦૨ થી તા.૧૭/૦૪/૨૦૦૨ ના રોજ તથા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૩૧૦૨/૧૯૮૬ થી તા.૩૧/૦૩/૧૯૮૬ ના રોજ નોંધવામાં આવેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તથા નોંધણી ફી ભર્યાની અસલ પહોંચ(રસીદ) યાને આર.આર.ની નકલ ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવેલ છે. જેથી સદરહુ મિલકતના ટાઇટલ સંદર્ભે કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે કોઇપણ બેંક કે નાણાંકીય સંસ્થાનો ચાર્જ, બોજો યા લીયન હોય કે કોઇ વાંધો-વિરોધ હોય કે પોતાના કબજામાં હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તે અંગેના આધારભૂત દસ્તાવેજો સમયમર્યાદામાં મારા નીચેના સરનામે રજુ કરી ખાતરી કરાવશો સબબ, ઉપરોક્ત મુદ્દતમાં કોઇના કોઇપણ પ્રકારના વાંધા કે દસ્તાવેજી પુરાવા નહિ આવે તો સદરહુ મિલકત બાબતે કોઇનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે કોઇપણ બેંક કે નાણાંકીય સંસ્થાનો ચાર્જ, બોજો યા લીયન હોય કે કોઇ વાંધો-વિરોધ નથી અને હોય તો પણ તે છોડી દીધેલ છે તેમ સમજી હમારા અસીલો આગળ બેંક ધિરાણ અથવા વેચાણ અંગેની કાર્યવાહી કરશે અને તે અંગે ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ જેની સર્વેએ આ જાહેર નોટીસથી નોંધ લેવી.

હેમંત એમ. પટેલ એડવોકેટ એન્ડ નોટરી
તુષાર પી. પ્રજાપતિ એડવોકેટ
તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ: ૧૧૦, ૧૧૦/એ, શિવકૃપા એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર રોડ, સુરત
મો.નં. ૯૮૨૪૩ ૯૨૯૩૧, ૯૭૨૫૧ ૦૯૧૨૫ (તા. ૦૯/૦૮/૨૦૨૬)

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા ના મોજે ગામ : કઠોદરા ના રેવન્યુ સર્વે નંબર : ૨૭૭, ૨૮૦, જુનો બ્લોક નંબર : ૨૫૮, જેને રીસર્વે બાદ નવો બ્લોક નંબર : ૨૯૪, જેને કે.જે.પી. બાદ બ્લોક નંબર : ૨૯૪/૨, જેને સીટી સર્વે ઓફીસ સુરત-૩, વોર્ડ કઠોદરા (બીનખેતી), સીટી સર્વે નંબર : NA૨૯૪/૨ આપવામાં આવેલ છે તેથી નોંધવામાં આવેલ સુમારે હે. ૦, આરે ૪૦, ૭૮ ચોરસ મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન (૧) **સુહાગિયા સુરેશભાઈ કાળુભાઈ** (૨) **સુહાગિયા તક્ષીલકુમાર સુરેશભાઈ** (૩) **સુહાગિયા રાજ સુરેશભાઈ** ની માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. ઉપરોક્ત મિલકતના ઉત્તરોત્તર દસ્તાવેજો પૈકી મહે.સબ-રજીસ્ટ્રાર કામરેજ સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૩૦૪૧ થી તારીખ : ૦૬/૧૧/૨૦૧૯ ના રોજ નોંધાયેલ અસલ બીનઅવેજી રીલીઝ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ની પહોચ તથા મહે.સબ-રજીસ્ટ્રાર સાહેબ કામરેજ ની કચેરીમાં અનુક્રમ નંબર : ૨૮૪૬ થી તારીખ : ૧૭/૦૨/૨૦૨૨ ના રોજ નોંધાયેલ અસલ રીલીઝ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ની પહોચ ક્યાક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે તેમજ (૧) **સુહાગિયા સુરેશભાઈ કાળુભાઈ** (૨) **સુહાગિયા તક્ષીલકુમાર સુરેશભાઈ** (૩) **સુહાગિયા રાજ સુરેશભાઈ** એ ઉપરોકત જમીનના ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી અમો સમક્ષ કરેલ છે તેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન-૧૫ માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનનુ ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનો રીપોર્ટ ઉપરોકત માલીકોની તરફેણમાં ઈસ્યુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ, શ્રીધર પેટ્રોલ પંપ પાછળ, પોદ્દાર આર્કેડ થી બંબે ડેનુમાન રોડ, વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪

હર્ષદકુમાર બી. વાડદોરીયા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (ચોર્યાસી) સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતના **મોજે ગામ સચિનમાં** આવેલ સચિન ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આયોજીત **''સચિન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ''** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૦૧**, જેનું ક્ષેત્રફળ ૨૧૧૫.૦૦ ચો.મી. વાળી જમીન સહિતની બાંધકામવાળી મિલકત તેમજ તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્ક, હિત, હિસ્સા સહિત દરોબસ્ત વાળી મિલકત હમોના અસિલ **વિનોદભાઈ પી. વશી અને રંજનાબેન વી. વશીની** માલીકીની ચાલી આવેલ હતી. હમોના અસિલ સાથે તા.૧૩/૦૪/૨૦૨૨ ના રોજ **સવિનકુમાર રામકુમાર અગ્રવાલનાએ** સદરહુ મીલકતના વેચાણ અવેજ રૂા. ૪,૪૯,૪૩,૭૫૦/- નક્કી કરી સાટાખત કરવાનુ નક્કી કરેલ. જે પેટે રૂા. ૧,૦૫,૦૦,૦૦૦/- હમોના અસિલને ચુકવી આપેલ અને બાકીની અવેજની રકમ રૂા. ૩,૪૪,૪૩,૭૫૦/-, તા. ૩૦/૧૦/૨૦૨૨ ના રોજ સુધી ચુકવી આપવાની શરતે સદર સાટાખત રાજેશ ડી. ત્રિવેદી એડવોકેટ એન્ડ નોટરી રૂબરૂ રજીસ્ટર સીરીયલ નં. ૧૧૨૮૫, તા. ૧૫/૦૪/૨૦૨૨ ના રોજથી નોંધણી કરેલ. ત્યારબાદ **સવિનકુમાર રામકુમાર અગ્રવાલ** દ્વારા સ્પે.દિ.મુ.નં. ૧૮૨/૨૦૨૩ થી નામદાર કોર્ટમાં એક દાવો દાખલ કરવામાં આવેલો. સદર દાવાના કામે તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ સમાધાન થતા સદર દાવો **સવિનકુમાર રામકુમાર અગ્રવાલ** દ્વારા બિનશરતી પાછો ખેચી લેવામાં આવેલ. જે તે સમયે **સવિનકુમાર રામકુમાર અગ્રવાલનાઓએ** હમોના અસિલને બાકીની અવેજની રકમ રૂા.૩,૪૪,૪૩,૭૫૦/- ચુકવી દેવાનુ જણાવેલ ત્યારબાદ **સવિનકુમાર રામકુમાર અગ્રવાલનાઓએ** હમોના અસિલને રૂા. ૪૪,૪૩,૭૫૦/- ચુકવી આપેલ અને તે વખતે બીજો નવો કબજા સહિતનો વેચાણ કરાર યાને કબજા રસીદ તા. ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ રાજેશ ડી. ત્રિવેદી એડવોકેટ એન્ડ નોટરી રૂબરૂ રજીસ્ટર સીરીયલ નં. ૩૫૯૯૯ ના રોજથી નોંધણી કરેલ તથા બીજો એક સમજુતી કરાર તા. ૨૭/૧૨/૨૦૨૩ ના રોજ રાજેશ ડી. ત્રિવેદી એડવોકેટ એન્ડ નોટરી રૂબરૂ રજીસ્ટર સીરીયલ નં. ૩૬૦૦૦ ના રોજથી નોંધણી કરેલ. જે મુજબ બાકી રહેતી રકમ રૂા. ૩,૦૦,૦૦,૦૦૦/- **સુનીલ** અગ્રવાલનાઓએ ઘડિંભા દફતરે પ્રોવિઝન ટ્રાન્સફર થયાથી હમોના અસિલને ચુકવી આપવાના રહેશે. જે અંગેનો સમજુતી કરાર કરવામાં આવેલ અને તે શરતે સદર દાવો તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ વિડ્રો કરેલ અને **સવિનકુમાર રામકુમાર અગ્રવાલનાઓ** દ્વારા હમોના અસિલને આપવામાં આવેલ વિશ્વાસ અને ભરોસાના આધારે સદર મીલકત ઘડિંભામાં તેમના નામે ટ્રાન્સફર કરેલ, પરંતુ **સવિનકુમાર રામકુમાર અગ્રવાલ** દ્વારા હમોના અસિલને બાકિની અવેજની રકમ રૂા.૩,૦૦,૦૦,૦૦૦/- આજદીન સુધી ચુકવી આપવામાં આવેલ નથી. જેથી જાહેર જનતાને જણાવવાનુ કે, **સવિનકુમાર રામકુમાર અગ્રવાલની** વાતમાં આવી કોઈપણ પ્રકારે ઉપરોકત મીલકત સંદર્ભે વ્યવહારો કરવા, કરાવવા નહી. તેમ છતાં પણ આ જાહેર ચેતવણીની અવગણના કરી કોઈપણ ઈસમ મીલકત સંદર્ભે કોઈ વ્યવહાર કરશે તો તેઓના રોકેલા નાણાંનો દુર વ્યય થશે. તેમજ મીલકતમાં તકરાર સિવાય કોઈપણ પ્રકારે હકક પ્રાપ્ત થશે નહી. તેમજ મારા અસીલ ધ્વારા તેવા વ્યવહાર કરનાર ઈસમો વિરૂધ્ધ દિવાની તેમજ ફોજદારી રાહે સક્ષ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જે કાર્યવાહીમાં થનાર ખર્ચ તથા પરિણામની જવાબદારી જે તે ઈસમના શીરે રહેશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

અમારા અસિલ **વિનોદભાઈ પી. વશી અને રંજનાબેન વી. વશીની** સુચના અન્વ્યે.

ઓફિસ : ૩૦૧, ૩૦૨, બીજો માળ, બી-વીંગ, શ્રી પદમા આર્કેડ, હેન્ડલુમ હાઉસની બાજુમાં, નાનપુરા પોલીસ ચોકી રોડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧ ૦૦૮૫૫

સંકેત જી. દેસાઈ
તે
વિનોદભાઈ પી. વશી અને રંજનાબેન વી. વશીના
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગે જાહેર નોટીસનો જાહેર જવાબ

તા. ૪-૭-૨૦૨૬ ના દૈનિક **" ગુજરાત મિત્ર"** માં એડવોકેટશ્રી ચેતન વી. કાપડીયા (ચલીયાવાલા) દ્વારા પોતાના અસીલનું નામ, ઠામ, ઠેકાણું જાહેર કર્યા વિના **સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટ, મોજે સુલતાનાબાદના બ્લોક નંબર-૪૯૧/૧, ટી.પી. સ્કીમ નંબર-૨ (સુલતાનાબાદ-ભીમપોર)ના ફાયનલ પ્લોટ નંબર-૨૭૫** થી નોંધાયેલી જમીન સંબંધે જે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે તેનો મારા અસીલ **વિરલ કૃષ્ણકાંત ઝવેરી** તરફે જાહેર જવાબ આપી જણાવવાનું કે,

મારા અસીલ **વિરલ કૃષ્ણકાંત ઝવેરી**નો ઉપરોકત જમીનમાં કાયદેસરનો વણવહેંચાયેલો હક, હિત, હિસ્સો લાગુ થાય છે. સદરહુ નોટીસમાં જણાવેલા ઈસમોએ પોતાનો વણવહેંચાયેલો હિસ્સો છુટો પડાવવા માટે સુરતની સીવીલ કોર્ટમાં **સ્પે. દિ. મુ. નંબર-૭૮/૨૦૧૭** દાખલ કરવામાં આવેલો જે દાવો હાલ ફાઈનલ ડિક્રી માટે પેન્ડીંગ છે. સદરહુ દાવાની સુનાવણી દરમ્યાન નામદાર કોર્ટે આંક-પની મનાઈ અરજી ઉપર પક્ષકારોએ દાવાનો સંપૂર્ણ નિકાલ ન થાય ત્યાં સુધી યથાવત સ્થિતી જાળવી રાખવાનો હુકમ ફરમાવેલો જે આજે પણ ચાલુ છે. સદરહુ હુકમ થયા બાદ નામદાર કોર્ટે પ્રાથમિક હુકમનામું ફરમાવવામાં આવેલું અને દાવાના પક્ષકારોનો હિસ્સો હદાહુદથી છુટો પાડવા માટે સીવીલ પ્રોસીજર કોડની કલમ-૫૪ તથા ઓર્ડર ૨૦ રૂલ ૧૮ અન્વયે કલેકટરશ્રી, સુરતને આદેશ ફરમાવેલો અને સદરહુ કાર્યવાહી આજે પણ ચાલુ છે અને આજદિન સુધી દાવાના કોઈપણ પક્ષકારોનો કોઈપણ પ્રકારનો હદાહુદથી હિસ્સો નકકી કરવામાં આવેલો નથી તે સંજોગોમાં **સ્પે. દિ. મુ. નંબર-૭૮/૨૦૧૭** ના કામે ફરમાવેલ **STATUS QUO** ના હુકમની અવગણના કરી આપના અસીલ દ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવામાં આવશે તો મારા અસીલ મજકુર તરફે તમારા અસીલ તથા તમારા અસીલને કહેવાતું વેચાણ આપનાર ઈસમો વિરૂધ્ધ **ધી કન્ટેમ્પ ઓફ કોર્ટ એકટ, ૧૯૭૧** હેઠળની કાયેદસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને દાવા દુવીના પ્રકરણોમાં સંડોવાવું પડશે, તેવી આપના અસીલને સ્પષ્ટ સમજ આપવી. તા.૦૯/૦૮/૨૦૨૬

પ્રાજલ કે. પટેલ એડવોકેટ
યોગેશ એમ. ધાનાણી એડવોકેટ એન્ડ નોટરી
તે
વિરલ કૃષ્ણકાંત ઝવેરીના એડવોકેટ્સ
ઠેકાણું : ૫૦૫, 'વિઝન', શેલ પેટ્રોલ પંપની સામે, એલી. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.

બિનખેતીની જમીન ખરીદી અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ:- સુરત સબ-ડીસ્ટ્રીકટ ઉધના મોજે ભેસ્તાન ના સર્વે નં.૨૫૮, બ્લોક નંબર:-૨૦૫/૧, ખાતા નં.૬૧૮, જેનુ ૭/૧૨ મુજબનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧૪૧૦૦ ચો.મી. જેનો આકાર રૂા. ૨૧.૪૨ પૈસા ટી.પી.સ્કીમ નં.૫૪(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૭, ક્ષેત્રફળ ૯૮૭૦ ચો.મી. વાળી બિનખેતીની જમીન નાં માલીક અરવિંદકુમાર છબીલદાસ ઉર્ફે દેવરાજભાઈ તેજાણી નાઓએ મજકુર જમીન તેમની માલીકી, કબજા ભોગવટા, વહીવટ પણાની હોવાનુ તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવીને અમોના અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહું જમીન બાબતે જો કોઈ શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ, કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારે, લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, કબજો ભોગવટો, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, રસ્તાના હકક હિત અધિકાર, લીયન, લેણા, બોજો કે દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં, તે બદલના તમામ પુરાવા સાથે, નીચેના સરનામે, રૂબરૂમાં લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે., તેમ સમજી અમારા અસીલ મજકુર મીલકત વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી-કરાવીને, અમારા અસીલ મજકુર મીલકતના પાકા લખાણો, દસ્તાવેજો કરાવી લેશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯/૦૮/૨૦૨૬

પ્રકાશભાઈ આર. રાદડીયા
એડવોકેટ & નોટરી
મશુર એસ. શેલડીયા
તે ખરીદનાર ના એડવોકેટ

સરનામું:- ઓફીસ નં. ૧૦૮૯, ધી પેલેડીયમ મોલ, યોગીચોક, વરાછા સુરત. મો.૯૨૨૮૫ ૭૪૪૪૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે સુણેવકલ્લા જુનો બ્લોક સર્વે નં.૪૫૭, નવો બ્લોક/સર્વે નં.૬૮૬ વાળી ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ભરૂચ ડિસ્ટ્રીકટ હાંસોટ સબ ડિસ્ટ્રીકટ **મોજે સુણેવકલ્લા** માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૧૦૩૩, જુનો બ્લોક/સર્વે નં.૪૫૭ પ્રમોલગેશન બાદ **નવો બ્લોક/ સર્વે નંબર ૬૮૬** જે જમીનનુ સુમારે કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૦૮-૧૧ ચો.મી. જેનો આકાર રૂા. ૬.૬૫ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના સંયુકત માલીક **(૧) ભાવેશભાઈ નલીનભાઈ પટેલ (૨) ઈશાનીબેન ભાવેશભાઈ પટેલ (૩) દેવાંશકુમાર ભાવેશભાઈ પટેલનાઓએ** મજકુર જમીન પોતાની સંયુકત માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હક્ક હિત, હિસ્સો, લાગ ભાગ, દર દાવો, મોર્ગેજ, ટાંચ, લખાણ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર તકરાર, દરદાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા. ૦૯/૦૮/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસ: ૧, આસ્થા એવેન્યુ, હાંથીસા રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત-૩૯૪૫૪૦
મો. ૯૭૨૫૧-૪૪૭૪૩

ભાવિક ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

મોજે વાલકના સર્વે/બ્લોક નં.: ૧૧૯ (જુનો સર્વે/બ્લોક નં.: ૧૧૭ પૈકી ૧) વાળી જમીન સંબંધે જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, જિલ્લો સુરત, તાલુકો કામરેજના મોજે ગામ વાલકના બ્લોક નં.: ૧૧૭ કે જેમાં રેવન્યુ સર્વે નં.: ૧૩૦, ૧૩૧ તથા ૧૩૨ નો સમાવેશ થાય છે, તે પૈકી **રેવન્યુ સર્વે નં.: ૧૩૧ - બ્લોક નં.: ૧૧૭ પૈકી ૧ (નવો સર્વે/બ્લોક નં.: ૧૧૯), ટી.પી. સ્કીમ નં.: ૫૮ (વાલક), ફાયનલ પ્લોટ નં.: ૨૧ પૈકી** ની પૂર્વ છેડે આવેલ ૩૩૧૮ ચો.વાર યાને ૨૭૭૪.૨૭ ચો.મી. માપ વિસ્તારની જગ્યા મારા અસીલે મીલનકુમાર મોરારભાઈ જરીવાલા (પટેલ)ના કુલમુખત્યાર મોરારભાઈ પટેલ પાસેથી કિંમતી અવેજ બદલ ખરીદ કરવા નક્કી કરી, કબજે મેળવેલ છે અને તે જગ્યા ઉપર મારા અસીલ તેમના નામે વીજ કનેકશન વિગેરે લાયસન્સ મેળવી **શિવ માર્બલ સ્ટોન**ના નામથી પથ્થર કટીંગ તથા પોલિશીંગનો ધંધો કરતા ચાલી આવેલ છે, જે મિલકત સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે **ટેનામેન્ટ નં.: 124A-05-8311-0-001** તથા **124A-05-8311-0-002** થી નોંધાયેલ છે, આ હકીકત મારા અસીલના હક્ક-હિત બાબતે આખી દુનિયાને રચનાત્મક નોટીસ છે. આ રીતે મારા અસીલના હક્ક-હિત ચાલી આવેલ હોવા છતાં મીલનકુમાર મોરારભાઈ જરીવાલાએ આખી મિલકત અન્યને વેચાણ આપેલ. આ રીતે મિલકત ખરીદનારાએ મિલકત મારા અસીલના હક્ક-હિતની જાણકારી સાથે ખરીદ કરેલ હોય, શુદ્ધ-બુદ્ધિપૂર્વકના ખરીદનાર ન હોય, તેમને જોડીને મારા અસીલે તેમણે ખરીદ કરેલ મિલકત સંબંધી કરારના વિશેષ અમલ માટે દાવો કરેલ છે, જે સુરત કોર્ટમાં **સ્પેશીયલ દિવાની મુકદમા નં.: ૪૦૧/૨૦૧૩** થી નોંધાયેલ અને ત્યારબાદ કઠોર કોર્ટમાં ટ્રાન્સફર થઈને **રેગ્યુલર દિવાની મુકદમા નં.: ૭૧૦/૨૦૧૫** અને હાલ કઠોર કોર્ટમાં નવો નંબર **રે.દિ.મુ. નં.: ૬૦/૨૦૧૭** થી વિચારાધીન છે. મજકુર દાવા સંબંધે સબ-રજીસ્ટ્રારશ્રી કામરેજની કચેરીમાં નોટીસ ઓફ લીસ પેન્ડન્સ નં.: ૧૫૬૮/૨૦૧૪ થી નોંધાયેલ છે. આ રીતના મારા અસીલના ચાલી આવેલ હક્ક-હિતને પરાસ્ત કરવાના ઈરાદે ઉપરોકત મિલકતના હાલના ધારણકર્તા કૈલાશબેન ધીરૂભાઈ તળાવીયા તથા કનૈયાલાલ નાથુલાલ શાહ અન્યને વેચાણ કરવાની પેરવીમાં હોવાનું મારા અસીલને જાણવા મળેલ છે. ઉપરોકત હકીકતમાં જે કાંઈ વ્યવહાર થાય તે મારા અસીલના હક્ક-હિતને આધીન હોય, ઉપરોકત વ્યકિતઓ સાથે વ્યવહાર કરનારને મિલકતમાં કોઈપણ જાતના હક્ક-હિત પ્રાપ્ત થશે નહીં અને હાથમાં તકરાર સિવાય કંઈ આવશે નહીં, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

તા.: ૦૮/૦૮/૨૦૨૬
૧/૪૩૪, નરહરિ નિવાસ, હીરા માણેક સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

નિતીન એન. ઠાકર
તે રૂપલાલ બાલુભાઈ મિસ્ત્રીના એડવોકેટ

જમીન ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ પલસાણાના મોજે ગામ તાંતીઝગડાના (ખેતરનું નામ ગભાણ) રેવન્યુ સર્વે નંબર ૧૩૯, ૧૩૯/૧, ૧૩૯/૨ ના બ્લોક નંબર ૧૩૨ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૨૬-૪૭ તથા કયારીનું ક્ષેત્રફળ ૦-૧૩-૧૩ તથા પોત ખરાબાનું ક્ષેત્રફળ ૦-૦૧-૦૧ મળી કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૪૦-૬૩ યાને કે ૧૪૦૬૩.૦૦ ચો.મી. તેમજ જેનો આકાર રૂા.૧૩.૨૫ થી નોંધાયેલી જમીનના સ્વતંત્ર માલીક મુખતયાર અને પ્રત્યક્ષ કબજેદારો (૧) ભાવનાબેન ઈશ્વરભાઈ (૨) આશિષ ઈશ્વરભાઈ (૩) નિશાબેન તે ઈશ્વરભાઈ પટેલની પુત્રી તે ચેતનભાઈની પત્નિ તથા (૪) હેમાબેન ઈશ્વરભાઈ પટેલની પુત્રી તે અમિતભાઈની પત્નિ હોવાનું જણાવી સદરહુ જમીન પૈકી ઉત્તર દિશા તરફની આશરે ૬,૮૫૦.૦૦ ચો.મી. જમીન ઉપરોકત તમામ માલીકોએ ભેગા મળી અમારા અસીલને કીમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે તેઓની પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો અન્ય કોઈપણ ત્રાહીત વ્યકિત, ઈસમ, બેંક, ફાયનાન્સ કંપની, સરકારી કે અર્ધસરકારી સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, વિગેરે પહોંચતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ માં લેખીત પુરાવા સહીતના વાંધાઓ અમારી ઓફીસના સરનામે રજુ કરવા. જો મુદ્દતમાં કોઈપણ ઈસમ, સંસ્થાના કોઈપણ પ્રકારના વાંધાઓ આવશે નહીં તો ત્યારબાદ અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદ કરવાની આગળની કાર્યવાહીઓ પુર્ણ કરવામાં આવશે અને તમામ કરારો, લખાણો તથા દસ્તાવેજો વિગેરે કરી કરાવી લેશે અને મુદ્દત બાદની હરકોઈ ઈસમ, સંસ્થાની હરકોઈ પ્રકારની તર-તકરાર રદ્દબાતલ થશે તેની આથી તમામે નોંધ લેવી.

તા. ૦૯/૦૮/૨૦૨૬
ઓફીસ : ઠે. ૫૦૩-૫૦૪, પાંચમા માળે, લીબર્ટી ચેમ્બર્સ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત

મારી મારફતે
કુમાર એલ. રામનાણી
એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ ના મોજે ગામ-**પારડી-કણદે** નવા **બ્લોક નં. ૧૪** વાળી બીનખેતીની જમીન ઉપર આવેલ **''રાજ અભિષેક સીટી હોમ્સ''** ના નામથી ઓળખાતા હાઉસીંગ પ્રોજેકટમાં બિલ્ડીંગ નં. **બી-૦૪** માં **પહેલા માળે** આવેલ એપાર્ટમેન્ટ ટાઈપ **ફ્લેટ નં.૧૪૨** જેનુ સુપર બીલ્ટ-અપ ક્ષેત્રફળ: ૧૦૭.૮૦ ચો.મી. તથા બિલ્ટઅપ ક્ષેત્રફળ : **૭૧.૭૫ ચો.મી.** વાળી મિલકત ના નીચે જણાવેલ ડોક્યુમેન્ટો

દસ્તાવેજ નંબર અને તારીખ	ગુમ થયેલ દસ્તાવેજની વિગત	ખરીદનારનું નામ
૮૩૦૩, તા.૧૩-૦૮-૨૦૦૯	ઓરીજીનલ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન પાવતી તથા ઈન્ડેક્ષ	અચ્યુત કિષ્ણ સતારદેકર
૧૩૫૭૭, તા.૦૪-૧૧-૨૦૦૯	ઓરીજીનલ મોર્ગેજ, રજીસ્ટ્રેશન પાવતી તથા ઈન્ડેક્ષ	અચ્યુત કિષ્ણ સતારદેકર

લોન લીધેલ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા થી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.અમારા અસીલ તેના હાલ ના માલિક મધુરા અચ્યુત સતારદેકર તથા પરાગ અચ્યુત સતારદેકર પાસે થી સદરહું મિલકત વેચાણ રાખનાર હોય જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ મિલકત બાબતમાં ક